For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સુરત મનપાની નવી વહીવટી કચેરીના બંને ટાવર બનાવવાની મોટા ભાગની કામગીરી પૂરી

# મેયર ત્રીજા માળે, કમિ. ચોથા માળે બેસશે

**રૂપિયા** 1344 કરોડના ખર્ચે રિંગ રોડની જૂની સબજેલની જગ્યામાં બે ટાવર બન્યા છે

**પાર્કિંગ** માટે અંડરગ્રાઉન્ડ ચાર માળ હશે, ઉપરના ચાર માળ પોડિયમ જેવા હશે

**મનપાની** કચેરીઓ હશે તેવા પ્રથમ ટાવરમાં ઈન્ટિરિયરની કામગીરી શરૂ કરી દેવાઈ



સુરતઃ રિંગરોડ પર જુની સબજેલની જગ્યામાં બની રહેલા સુરત મહાનગર પાલિકાના નવા વહીવટી ભવનમાં મેયર ત્રીજા માળે અને મ્યુનિ. કમિ. ચોથા માળે બેસશે. સામાન્ય સભા ત્રીજા માળે જ મળશે. રૂપિયા 1344 કરોડના ખર્ચે બની રહેલા મનપાના આ નવા વહીવટી ભવનમાં ભોંયતળિયાની સાથે 27 માળના બે ટાવર બનાવવાની મોટાભાગની કામગીરી પુરી થઈ જવા પામી છે. પહેલા ટાવરમાં તો ઈન્ટિરિયરનું કામ પણ શરૂ થઈ જવા પામ્યું છે ત્યારે

...અનુસંધાન પાના 5 પર

### નવા વહીવટી ભવનમાં પ્રથમ ટાવરમાં કયા માળે મનપાની કઈ કચેરી આવશે?

- બીજા માળે સેન્ટ્રલ આર્કાઈવ એટલે જુના સંભારણા હશે
- ત્રીજા માળે મેયરની સાથે શાસકો અને મીટિંગ હોલ
- ચોથા માળે કમિ.ની ઓફિસ સાથે તમામ વિભાગીય વડાની કચેરી
- પાંચમા માળે રિક્રિએશનલ ઝોન
- છઠ્ઠા માળથી શરૂ કરીને છેક

...અનુસંધાન પાના 5 પર

### પ્રથમ ટાવરમાં બેસનારા રાજકારણીઓએ ધ્યાન રાખવું પડશે કે બીજા ટાવરમાં ઈડીની ઓફિસ છે

સુરત મનપાના નવા વહીવટીભવનમાં જે બીજો ટાવર બનાવવામાં આવ્યો છે તેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કચેરીઓનો સમાવેશ કરવામાં આવશે. હાલમાં કઈ કચેરી કયા માળે હશે તેનો નિર્ણય કરવામાં આવ્યો નથી. પરંતુ જે કચેરીઓ દ્વારા જગ્યા માંગવામાં આવી છે તેમાં જાણીતી કચેરીઓમાં ઈડી સામેલ છે. એક ટાવરમાં રાજકારણી અને બીજા ટાવરમાં ઈડીની ઓફિસ હશે. સાથે સાથે અન્ય કચેરીઓમાં આરટીઓ એટલે કે પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કચેરી, વક્ફ બોર્ડની કચેરી, એનસીસી, ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ ડેવલપમેન્ટ ઓથોરિટી, સંયુક્ત રાજ્ય વેરા કમિ., મહિલા અને બાળ અધિકારી, જીએસટી ઈન્ટેલિજન્સ, સિની. સુપ્રી. ઓફ પોસ્ટ, સેન્ટ્રલ પબ્લિક વર્ક ડિપાર્ટમેન્ટ, સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકનના નાયબ કલેક્ટર, ભુસ્તર વિભાગની ફ્લાઈંગ સ્ક્વોડ, ડ્રીમસિટી સહિતનો સમાવેશ થાય છે.

### હાલના તાપી ભવનમાં છેલ્લાં 160 વર્ષથી સુરતના શાસકો બેસે છે, હવે આવતા વર્ષે છોડવું પડશે

નવું વહીવટી ભવન તૈયાર નહીં થાય ત્યાં સુધી સુરત મહાનગર પાલિકાના ચૂંટાયેલા કોર્પોરેટરોએ જુના મુઘલસરાયમાં જ બેસવું પડશે. જોકે, તાપી ભવન નામકરણ કરાયેલા આ મુઘલસરાયનો ઈતિહાસ પણ દોઢસો વર્ષથી પણ વધુ જુનો છે. 1867માં મુઘલસરાયમાં કચેરી શરૂ થઈ હતી. પહેલા સુરત મ્યુનિસિપાલિટી અને બાદમાં સુરત મહાપાલિકાની કચેરી તરીકે વપરાતી મુઘલસરાય ઇમારતને સંભવતઃ 160 વર્ષ ખાલી કરવામાં આવશે.



(તસવીર : આસીફ શેખ)

# મોતનો કૂવો : પાણી માટે 25 ફૂટ ઊંડા કૂવામાં ઊતરવા પણ લાઈન

**ગુજરાતનું** 'ચેરાપુંજી' ગણાતા ધરમપુરના ચિકારપાડા ફળિયામાં દર્દનાક સ્થિતિ

**કરોડોના** ખર્ચે બનેલી એસ્ટોલ યોજના માત્ર કાગળ પર? ઘરે-ઘરે નળ છતાં ગામડાઓ તરસ્યા



ધરમપુરઃ વલસાડ જિલ્લાના અંતરિયાળ ધરમપુર-કપરાડા વિસ્તારમાં પાણીની ગંભીર સમસ્યા સામે આવી છે. 'ગુજરાતનું ચેરાપુંજી' તરીકે ઓળખાતા ધરમપુર તાલુકાના ઉગતા ગામના ચિકારપાડા ફળિયામાં ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે લોકો પીવાના પાણી માટે ભારે હાલાકી ભોગવી રહ્યા છે. મહિલાઓને 22થી 25 ફૂટ ઊંડા કૂવામાં દોરડાના સહારે ઉતરી જીવના જોખમે પાણી ભરવું પડી રહ્યું છે.

અંદાજે 1000 જેટલી વસતી ધરાવતા વિસ્તારમાં ત્રણ સરકારી કૂવા હોવા છતાં ઉનાળો શરૂ થતાં જ તમામ કૂવાઓ સૂકાઈ ગયા છે. કૂવાની અંદર પથ્થરોની કોતરોમાં ટીપે-ટીપે ભરાતા પાણી માટે મહિલાઓ કલાકો સુધી રાહ જોવે છે. પાણી ભરતી વખતે પગ લપસતા ઈજાઓની ઘટનાઓ પણ બનતી હોવાની માહિતી સામે

...અનુસંધાન પાના 5 પર

# વાપીમાંથી MD બનાવતી ફેક્ટરી ઝડપાઈ: 71 લાખનું ડ્રગ્સ મળ્યું





**ભંગારના** ગોડાઉનમાં એમડી ડ્રગ્સની ફેક્ટરી ચાલતી હતી, સરી ગામનો રાજેશ મૌર્ય વોન્ટેડ

**૨.૩૭૭** કિલોગ્રામ પ્રતિબંધિત મેફેડ્રોન ડ્રગ્સ અને ૦.૬૫૮ કિલોગ્રામ શંકાસ્પદ માદક પદાર્થ મળી આવ્યો



વાપીઃ વાપી કેમ્પ ધરાવતી વલસાડ જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ(એસઓજી) તેમજ ગુજરાત એટીએસ(એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ)ના સંયુક્ત ઓપરેશનમાં વાપીના કુંતામાં એક ભંગારના ગોડાઉનમાં એમડી ડ્રગ્સ બનાવતી એક ફેક્ટરી ઝડપી પાડી હતી. આ ઓપરેશનમાં બે આરોપીને પણ પોલીસે ઝડપી પાડ્યા હતા. જેમાં એક દમણમાં રહેતો મૂળ યુપીનો તેમજ એક વાપીમાં રહેતો મૂળ સૌરાષ્ટ્રનો આરોપી પકડાયો છે. આ ઓપરેશનમાં ૭૧.૩૧ લાખની કિંમતના મેફેડ્રોન (MD) ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે.

ગુજરાત એટીએસના ડીવાય. એસ.પી. એસ.એલ. ચૌધરીને માહિતી મળી હતી કે, રાજેશ મૌર્ય નામનો આરોપી તેના ભાગીદારો અબ્દુલ કલામ અને મેહુલ મકવાણા સાથે મળીને વલસાડ જિલ્લાના વાપી નજીકના કુંતામાં ગેરકાયદેસર

...અનુસંધાન પાના 5 પર

### એમડી ડ્રગ્સ ક્યાં મોકલાતું હતું ?

વાપીના કુંતામાંથી એમડી ડ્રગ્સની ફેક્ટરી પકડાઈ એ પૂર્વે વાપીના ચલામાં બંગલામાંથી એમડી ડ્રગ્સ ઝડપાયું હતું. ત્યારે દમણમાં ફેક્ટરી ઝડપાઈ હતી. હવે કુંતામાં ફેક્ટરી ઝડપાઈ છે. કુંતા હવે વાપી મહાપાલિકા વિસ્તારમાં વાપીનો વિસ્તાર છે. પરંતુ આ ગામ ચારે તરફથી દમણથી ઘેરાયેલું છે. તમારે કુંતા જવું હોય તો દમણ થઈને જવાય છે. આમ સંઘપ્રદેશની બોર્ડર પર ડ્રગ્સ બનાવતી ફેક્ટરી ઝડપાઈ છે. આ ડ્રગ્સ ક્યાં મોકલાતું હતું ? તેમજ આ ડ્રગ્સનો કારોબાર ક્યારથી ચાલતો હતો તેની પણ પોલીસ તપાસ કરી રહી છે.

### આરોપી મનપાની ચૂંટણીમાં કોંગ્રેસનો ઉમેદવાર હતો

aડ્રગ્સ મામલામાં ઝડપાયેલા આરોપીઓ પૈકી એક આરોપી મેહુલ મકવાણા વાપી મનપાની હાલમાં યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસનો ઉમેદવાર હોવાની વિગતો બહાર આવી છે. વોર્ડ નં.2માં કોંગ્રેસની પેનલમાં મેહુલ મકવાણા ઉમેદવાર હતો. જોકે કોંગ્રેસની આખી પેનલ આ વોર્ડમાં હારી હતી. એમડી ડ્રગ્સના મામલામાં ઝડપાયેલા બંને આરોપીને કોર્ટમાં રજૂ કરાતા 10 દિવસના રિમાન્ડ મળ્યા છે.



# ડુમસ સી ફેસ માટે 20થી 30 રૂપિયા એન્ટ્રી ફી લેવા વિચારણા

**સુરત** મનપા દ્વારા સંચાલન માટેની એજન્સી નક્કી કરવા EOI મંગાવ્યા છે

**જ્યાં** સુધી નવી એજન્સી નહીં આવે ત્યાં સુધી પ્રવેશ ફી લેવામાં આવશે

સુરત : મનપા દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે વિકસાવવામાં આવેલા ડુમસ સી ફેસ પર વધતી ભીડ અને જાળવણીના પ્રશ્નોને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકા હવે તેના સંચાલન માટે ખાનગી એજન્સીની મદદ લેવાની તૈયારીમાં છે. આ માટે મનપા દ્વારા એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI) મંગાવવામાં આવ્યા હોવાનું મનપાના સુત્રોએ જણાવ્યું હતું. જ્યાં સુધી નવી એજન્સી કોન્ટ્રાક્ટર નહીં લે ત્યાં સુધી ડુમસ સી ફેસ માટે 20થી 30 રૂપિયાની એન્ટ્રી ફી નક્કી કરવામાં આવે તેવી સંભાવના છે.

ડુમસ સી ફેસ શરૂ થયા બાદ

...અનુસંધાન પાના 5 પર

### શનિ-રવિમાં ઉમટે છે 15,000થી વધુ લોકોની ભીડ

સુરતના પ્રવાસન નકશા પર નવું નજરાણું બનેલા ડુમસ સી-ફેસ ખાતે દરરોજ હજારોની સંખ્યામાં લોકો આવી રહ્યા છે. સામાન્ય દિવસોમાં રોજ સરેરાશ 1,200 જેટલા પર્યટકો આ સ્થળની મુલાકાત લે છે. જ્યારે શનિ અને રવિવારમાં આ જ આંકડો અચાનક ઉછળીને 10,000 થી 15,000 લોકો સુધી પહોંચી જાય છે. વીકેન્ડ દરમિયાન થતી આ ભારે ભીડને નિયંત્રિત કરવા અને ત્યાંની સુંદરતા જાળવી રાખવા માટે પાલિકા ટિકિટિંગ સિસ્ટમ અનિવાર્ય ગણાવી રહી છે.

# સુરતના રક્તદાન કેન્દ્રોમાં લોહીની તીવ્ર અછત, માત્ર 1 સપ્તાહનો સ્ટોક



**વેકેશન**, ગરમી અને પરીક્ષાને લીધે રક્તદાનમાં ભારે ઘટાડો થયો

સુરતઃ સુરત રક્તદાન કેન્દ્રમાં લોહીનો સ્ટોક જોખમી રીતે ઘટી ગયો છે. હાલમાં કુલ 500 યુનિટ રક્ત જ ઉપલબ્ધ છે, જે માત્ર એક અઠવાડિયા સુધી જ ચાલી શકે તેમ છે. વેકેશન, ગરમી અને પરીક્ષાના કારણે રક્તદાનમાં ભારે ઘટાડો થયો છે. હાલમાં દર 25 કોલમાંથી

વિડીયો જોવા માટે QR કોડ સ્કેન કરો.

...અનુસંધાન પાના 5 પર



### પાંચ વર્ષના બ્લડ કેમ્પની માહિતી

| વર્ષ | રક્તદાન શિબિરોની સંખ્યા | એકત્રિત રક્ત યુનિટ |
|---|---|---|
| 2021 | 34 | 1780 |
| 2022 | 20 | 2039 |
| 2023 | 17 | 1826 |
| 2024 | 34 | 1803 |
| 2025 | 22 | 1643 |
| 2026 | 18 | 705 |

### આ મહિને અત્યાર સુધીમાં માત્ર 705 રક્તદાતાઓએ રક્તદાન કર્યું છે

દર વર્ષે ઉનાળુ વેકેશનમાં રક્તની અછત સર્જાતી હોય છે. કારણ કે દર વર્ષે એપ્રિલ-મે મહિનામાં સરેરાશ 1700થી 1800 યુનિટ જ એકત્રિત થાય છે, જ્યારે શહેરમાં માસિક 2500થી 2600 યુનિટની જરૂરિયાત હોય છે. આ વર્ષે તો

...અનુસંધાન પાના 5 પર

### સૌથી વધુ A અને O પોઝિટિવ બ્લડ ગ્રુપની 90 ટકા અછત

શહેરમાં બ્લડની ભારે અછત છે. સૌથી વધુ A અને O પોઝિટિવ બ્લડ ગ્રુપની અછત છે. આ બંને ગ્રુપના બ્લડની ડિમાન્ડ સામે માત્ર 10 ટકા જ બ્લડ યુનિટ ઉપલ્બ્ધ છે. જો પૂરતા પ્રમાણમાં બ્લડ ડોનેશન નહીં મળશે તો આગામી દિવસોમાં ગંભીર કટોકટી સર્જાવાનો ડર છે.

સુરત રેલવે સ્ટેશને ટ્રાફિક સમસ્યા નિવારવા માટે માત્ર પિકઅપ-ડ્રોપની સુવિધા શરૂ કરવા

# સ્ટેશન પરિસરની આગળની વોલ તોડવા મંજૂરી

**સ્ટેશન** વિસ્તારમાં મુખ્ય માર્ગોનું કાર્પેટિંગ શરૂ, સિટીલિંક-એસટી માટે અલગ ટ્રેક અને 'પિકઅપ-ડ્રોપ' મોડલ અમલમાં આવશે

સુરત : શહેરના રેલ્વે સ્ટેશન વિસ્તારની વર્ષોથી માથાનો દુખાવો બનેલી ટ્રાફિક સમસ્યાને કાબૂમાં લેવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા ઝડપભેર કામગીરી શરૂ કરવામાં આવી છે. મનપા કમિશનર દ્વારા તૈયાર કરાયેલા વિશેષ ટ્રાફિક આયોજનને રેલ્વે વિભાગ તરફથી સંમતિપત્ર મળી જતા સામાન્ય સભાની ઔપચારિક મંજૂરીની રાહ જોયા વગર જ તંત્રએ મેદાનમાં કામગીરી શરૂ કરી દીધી છે. હાલ સ્ટેશન વિસ્તારના મુખ્ય માર્ગો પર કાર્પેટિંગનું કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. ટ્રાફિકનો દબાણ ઓછો કરવા અને વાહનવ્યવહારને વધુ સુગમ બનાવવા માટે રેલ્વેની દિવાલના કેટલાક ભાગ તોડીને ત્યાં નવો ટ્રેક તથા માર્ગ વિકસાવવામાં આવશે. આ કામગીરી માટે થનાર ખર્ચ રેલ્વે વિભાગ દ્વારા ભરપાઈ

...અનુસંધાન પાના 5 પર


**બેસણું**



અત્યંત દિલગીરી સહ જણાવવાનું કે અમારા પતિ પિતા શ્રી મોહનભાઈ ભાણાભાઈ પટેલ તારીખ ૨૪-૦૫-૨૦૨૬ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે સદ્‌ગતના આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ અમારી પ્રાર્થના.
સદ્‌ગતનું બેસણું તા.૨૮/૦૫/૨૦૨૬ ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે રાખેલ છે.
લૌકિક રિવાજ સદંતર બંધ છે.
બેસણાનું સ્થળ: ૬, જય શિવમ સોસાયટી, વિભાગ-૧, શિવેશ્વર મહાદેવ મંદિર પાસે, SMC મલ્ટીપર્પસ હોલની સામે, સિંગણપોર કોઝવે રોડ, સુરત.
શોકાતુર
કમળાબેન મોહનભાઈ પટેલ | રાજેશભાઈ મોહનભાઈ પટેલ
મીનાક્ષીબેન જગદીશચંદ્ર મિસ્ત્રી | ભારતીબેન સતીષકુમાર પટેલ
દક્ષાબેન નરેશકુમાર પેટીગરા | જ્યોતિબેન કિશોરકુમાર પટેલ
તથા સમસ્ત પટેલ પરિવાર
સ્વ. મોહનભાઇ ભાણાભાઈ પટેલ
સ્વ. તા. ૨૪-૦૫-૨૦૨૬
૯૪૨૮૩ ૯૦૯૦૯ - ૯૪૨૬૧ ૩૭૭૬૬

**દુઃખદ અવસાન-બેસણું**



દિલગીરી સહ જણાવવાનું કે અમારા પત્નિશ્રી/માતૃશ્રી મંજુલાબેન વસંતભાઈ પટેલ તા. ૨૪/૦૫/૨૦૨૬ને રવિવારના રોજ દેવલોક પામેલ છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.
સદ્‌ગતનું બેસણું તા. ૨૮/૦૫/૨૦૨૬ ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.
લૌકિક રિવાજ સદંતર બંધ છે.
લિ.
વસંતભાઈ ગોપાળભાઈ પટેલ (પતિ)
કેતનભાઈ વસંતભાઈ પટેલ (પુત્ર) | કરિશ્માબેન કેતનભાઈ પટેલ (પુત્રવધુ)
અનિલભાઈ નગીનભાઈ પટેલ (જમાઈ) | શીતલબેન અનિલભાઈ પટેલ (પુત્રી)
સંજયભાઈ છીમુભાઈ પટેલ (જમાઈ) | મોનલબેન સંજયભાઈ પટેલ (પુત્રી)
ધ્યાન, વિધિ
ભાણેજઃ- પ્રિયાન્સી, પરિમલ, સલોની, યશ, પ્રિન્સ, જેન્સી, સાહિલ, પ્રિશ્વી
સ્વ. મંજુલાબેન વસંતભાઈ પટેલ
સ્વ. તા. ૨૪/૦૫/૨૦૨૬
સરનામું : ૧૨૭, કોલા સ્ટ્રીટ. ગવિયર ગામ, ડુમસ રોડ, સુરત-૩૯૫૦૦૭

**પ્રાર્થના સભા**



સ્વ.ચીનુભાઈ રીખવચંદ દોશી (વાવવાળા)
સ્વ.તા.૨૫/૦૫/૨૦૨૬
શ્રી ચીનુભાઈ રીખવચંદ દોશી (વાવવાળા) જેઠ સુદ ૧૦ તા.૨૫/૦૫/૨૦૨૬ સોમવારના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સદ્‌ગતના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
સદ્‌ગતની પ્રાર્થના સભા : બુધવાર તા.૨૭/૦૫/૨૦૨૬ ના રોજ રાત્રે ૮:૦૦ થી ૧૦:૦૦ કલાકે ઈન્ડોર સ્ટેડિયમ, લુડ્ઝ કોન્વેન્ટ સ્કુલની સામે, અઠવાલાઈન્સ, સુરત મુકામે રાખેલ છે.
લિ.
રીખવચંદ ત્રિભોવનદાસ દોશી પરિવાર (વાવવાળા)
ભીખાલાલ છોટાલાલ દોશી (BC) | સ્વ. છોટાલાલ રીખવચંદ દોશી
નવિનચંદ્ર કાન્તીલાલ દોશી | સ્વ. કાન્તીલાલ રીખવચંદ દોશી
કમલેશભાઈ બાબુલાલ દોશી | બાબુલાલ રીખવચંદ દોશી
નીલેશભાઈ બાબુલાલ દોશી | સ્વ.હસમુખલાલ કાન્તીલાલ દોશી
જીગરભાઈ ચીનુભાઈ દોશી | સ્વ.રસીકલાલ કાન્તીલાલ દોશી
અમિતભાઈ ચીનુભાઈ દોશી
C. DINESH & CO.
SURAT - MUMBAI

**॥ દુઃખદ અવસાન- સંયુક્ત બેસણું ॥**



સ્વ. પ્રદીપભાઈ છોટુભાઈ પટેલ
જન્મ તા. ૨૧/૦૧/૧૯૬૫ સ્વ. તા. ૨૪/૦૫/૨૦૨૬
દિલગીરી સહ જણાવવાનું કે, અમારા સ્વજન શ્રી પ્રદીપભાઈ છોટુભાઈ પટેલ તા. ૨૪/૦૫/૨૦૨૬ને રવિવારે સ્વર્ગવાસ પામ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
સદ્‌ગતનું સંયુક્ત બેસણું તા. ૨૮/૦૫/૨૦૨૬ ને ગુરૂવારના રોજ અમારા નિવાસસ્થાને સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન રાખેલ છે. તા.ક. લૌકિક રિવાજ બંધ છે.
લિ. ગં.સ્વ. ભાવનાબેન પ્રદીપભાઈ પટેલ
બિપીનભાઈ છોટુભાઈ પટેલ | એકતા દેવાંગકુમાર પટેલ (પુત્રી)
યોગેશભાઈ છોટુભાઈ પટેલ | દેવાંગકુમાર હરીશભાઈ પટેલ (જમાઈ)
વિપુલભાઈ છોટુભાઈ પટેલ | ખુશ્બુ ધર્મેશભાઈ પટેલ (પુત્રી)
તથા સમસ્ત પટેલ પરિવાર | ધર્મેશભાઈ નાનુભાઈ પટેલ (જમાઈ)
:: શ્વસુર પક્ષ ::
રામુભાઈ લલ્લુભાઈ પટેલ
શૈલેષભાઈ રામુભાઈ પટેલ
સ્વ. મોહનભાઈ ગોપાળભાઈ પટેલ
પિયુષભાઈ જગુભાઈ પટેલ
બકુલભાઈ જગુભાઈ પટેલ
બારાસડી, પલસાણા, સુરત.
નિવાસસ્થાન : ''ભાનુ નિવાસ'', કામનાથ મહાદેવ મંદિર પાસે, અલથાણ ગામ, સુરત. (મો.) : ૯૯૧૩૭ ૮૭૭૭૭ / ૯૯૨૫૨ ૦૭૭૭૭

**ક્ષત્રિય દુઃખદ અવસાન- બેસણું**



સ્વ. અરવિંદલાલ અમૃતલાલ દોરીવાલા
જન્મ. તા. ૦૮-૧૨-૧૯૪૩ સ્વ. તા. ૨૬-૦૫-૨૦૨૬
દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી અરવિંદલાલ અમૃતલાલ દોરીવાલાનું તા. ૨૬-૦૫-૨૦૨૬ ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.
॥ સદ્‌ગતનું બેસણું ॥ તા. ૨૭-૦૫-૨૦૨૬ ને બુધવારના રોજ સવારે ૯ થી ૧૦.૩૦ કલાકે રાખેલ છે.
॥ બેસણાનું સ્થળ ॥ ધમણવાલા એ.સી, હોલ, સીંગાપુરીની વાડી, રૂસ્તમપુરા,સુરત.
લિ. શોકાતુર
સ્વ. તારાબેન અરવિંદલાલ દોરીવાલા
ભૂપેન્દ્ર અરવિંદલાલ દોરીવાલા | હેમાક્ષી ભૂપેન્દ્ર દોરીવાલા
હરેન અરવિંદલાલ દોરીવાલા | મીના હરેનકુમાર દોરીવાલા
નરેન્દ્ર અરવિંદલાલ દોરીવાલા | ધર્મિષ્ઠા નરેન્દ્ર દોરીવાલા
પ્રવિણા મહેન્દ્રકુમાર ભાણાવાલા (પુત્રી) | ભાવના ભરતકુમાર રેશમવાલા (પુત્રી)
તથા સમસ્ત દોરીવાલા પરિવાર

**શ્રદ્ધાંજલિ**



સ્વ. રાજુ સંભાજી સીદે
સ્વ. તા. ૨૫/૦૫/૨૦૨૬
મનુષ્ય જીવન મળવું એ તો સૌભાગ્યા નું પરિણામ છે.
મુત્યુ થવું એ સમયનો ખેલ છે.જયારે મૃત્યુ પછી પણ લોકો ના હદયમાં જીવીત રહેવું,એ જીંદગીમાં કરેલા સતકર્મોનું પરિણામ છે.
તમે અમારા હદયમાં હંમેશા માટે અમર છો.
ૐ શાંતિ...
લિ. ધર્મેશ પ્રવિણભાઈ દેસાઈ - ભટાર